## જન્મદિને વધામણી



**રમેશભાઈ ઠક્કર**
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩



**સાગર દેસાઈ**
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦



**પ્રવીણસિંહ પી વાઘેલા**
મો. ૯૯૦૯૧ ૫૯૦૦૦૫



**માધવી દિલીપ ગણાત્રા**
મો. ૯૪૨૮૬ ૯૬૫૬૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

# સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન





## સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ચૅમ્પિયન, સૅક્ટર-૨૭ રનર-અપ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરની સેવા સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા સર્વ પ્રથમ વખત સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત ફાઈનલ મૅચ રવિવારે યોજાઈ હતી. ચ-૩ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ ટુર્નામેન્ટ અંતર્ગત કુલ ૧૬ મૅચ રમાઈ હતી. ફાઈનલ મૅચ સૅક્ટર-૬ અને સૅક્ટર-૨૭ની શાળા વચ્ચે યોજાઈ હતી. સૅક્ટર-૬ની ટીમે ટૉસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી. સૅક્ટર-૨૭ની ટીમે નિયત ૧૦ ઓવરમાં ૮ વિકેટે ૬૨ રન કર્યા હતા, જેની સામે સૅક્ટર-૬ની ટીમે ૮ ઓવર, ૩ બૉલમાં ૬૬ રન કરીને આ મૅચ જીતી લીધી હતી. ટીમના નાગજી ભરવાડ મૅન ઑફ ધી મૅચનો ખિતાબ જિત્યા હતા. આપણું ફાઉન્ડેશન આયોજિત આ સીસીઍલ ટુર્નામૅન્ટના સમાપન સમારોહમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડી ઍન મોદી, મૅડિકલ ઑફિસર ડૉ. બારોટ, શહેરના જાણીતા ઍક્ટર જનક ઠક્કર અને કૈલાસબા ફાઉન્ડેશનના અરવિંદ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

### ટુર્નામૅન્ટના શ્રેષ્ઠ ખેલાડી

બેસ્ટ બૉલર - વિજય રાઠોડ (સૅક્ટર-૬)
બેસ્ટ બૅટ્સમૅન - અજય રાઠોડ (સૅક્ટર-૬)
મૅન ઑફ ધી મૅચ - નાગજી પરમાર (સૅક્ટર-૬)
ઑલ રાઉન્ડર - સક્તા ભરવાડ (સૅક્ટર-૨૭)





અમેરિકન ફિલ્ડ સર્વિસ (એઍફઍસ) દ્વારા એક વર્ષ માટે વિદેશ (ઇટલી)થી ગાંધીનગર આવેલા વિદ્યાર્થી - આના તેર્ઝી, ઍલેઝાન્ડ્રો, અનિતા અને એન્ડ્રીયા ગેરુચીનો વિદાય સમારોહ તાજેતરમાં યોજાયો હતો. વિદેશથી આવેલા આ વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે એક વર્ષ અભ્યાસ કરીને પોતાને દેશ પરત જઈ રહ્યા હતા. એ પ્રસંગે આયોજિત એક સમારોહમાં સ્વાગત પ્રવચન કરતાં એઍફઍસના નવનિયુક્ત પ્રમુખ ડૉ. વર્ષા પારેખે જણાવ્યું હતું કે દરેક દેશની સંસ્કૃતિનું માન સન્માન જળવાય તે માટે એઍફઍસ સ્ટુડન્ટ ઍક્સચેન્જ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરે છે. આ ઉપક્રમથી વિવિધ દેશોના વિદ્યાર્થીઓ ન માત્ર નજીક આવે છે, પરંતુ પરસ્પરની સંસ્કૃતિને બહુ નજીકથી જોઈ ને સમજી પણ શકે છે.

ત્યારબાદ વિદેશી વિદ્યાર્થીઓની ભારતમાં વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓની તસવીરી યાદ પણ પ્રૉજેક્ટરથી ઉજાગર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના યજમાન બનેલા સ્થાનિક પરિવારોએ પણ વિદ્યાર્થીઓ સાથેની પોતાની સ્મૃતિઓને વાગોળી હતી. ભારતીય પોષાકમાં સજ્જ આ ચારેય વિદેશી વિદ્યાર્થીઓને સ્મૃતિચિહ્ન આપીને શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કે આર પટેલ શિવહરી સ્કૂલના આચાર્ય રાજકુમાર વર્મા તથા અલાસ્કાથી શ્રીયુત પીટર ઉપસ્થિત રહ્યા હતા. એઍફઍસના ઉપપ્રમુખ કેવલ ગજ્જર અને પૂર્વ પ્રમુખ જનક ગજ્જરે આ તબક્કે વિદેશી વિદ્યાર્થીઓનાં કાર્યોની સરાહના કરી હતી. શિક્ષક સ્નેહા મોસ દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસકાળનાં સંસ્મરણો વાગોળવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેજલ પરમાર દ્વારા, આભાર દર્શન ધૃવ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ધવલ ખટાણા અને ઉત્પલ પટેલે જહેમત ઊઠાવી હતી. આ પ્રસંગે એઍફઍસના ગાંધીનગર ચૅપ્ટના નવનિયુક્ત હોદ્દેદારોનો પરિચયવિધિ પણ આયોજિત કરવામાં આવ્યો હતો.






શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપુર શ્રી ઘનશ્યામ ષષ્ટિપુર્તિ મહોત્સવે શાર્ક, એશિયન અને આફ્રિકન દેશો સાથે મળી વિશ્વ શાંતિના પ્રયાસના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય મૈત્રી અને આપત્તિ વ્યવસ્થાપનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ભારત દેશ ઉપરાંત શ્રીલંકા, થાઈલેન્ડ, ફીલીપાઈન્સ, નેપાળ, ભુતાન, મલેશીયા, સીંગાપોર, કંબોડીયા, લાઓસ, મ્યાનમાર અને ટાન્ઝાનીયા દેશોમાંથી જે તે દેશના ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના સરકારી પ્રતિનિધીઓ તેમજ સરકાર માન્ય એન.જી.ઓ.ના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

**ડાયરેક્ટ ❤ સે**

સાચા મિત્રો
સાથ આપે છે,
સલાહ નહીં

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૧.૩૦, ૩.૦૦
૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ફાસ્ટ ઍન્ડ ફ્યુરિયસ
(હિન્દી, ૩ડી)
૮.૦૦
બાહુબલિ-૨
૧.૩૦, ૫.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
૪.૦૦
માતૃ
૧.૦૦

**સ્ક્રીન-૫**
બાહુબલિ-૨
૧૦.૦૦, ૨.૦૦
૫.૧૫, ૮.૩૦

## ગંદી ચલણી નોટો પણ સ્વીકારી લેવા રિઝર્વ બૅન્કનો બેન્કોને આદેશ

ગાંધીનગર, તા. ૧

ભારતીય રિઝર્વ બેન્કે કહ્યું છે કે કોઈપણ બેન્ક લખેલી નોટો લેવાનો ઈનકાર ન કરી શકે. બેન્કોએ આવી નોટ સ્વીકારવી પડશે. આરબીઆઈએ કહ્યું કે આવી નોટને 'ગંદી નોટ્સ' ગણવી જોઈએ અને આરબીઆઈની ક્લીન નોટ પોલિસી અનુસાર તેનો ઉકેલ લાવી દેવો જોઈએ. તમામ બેન્કોને આ પ્રકારનો આદેશ આપી દેવાયો છે. છેલ્લાં ખાસ્સા સમયથી એવી ફરિયાદો થતી રહી છે કે નબળી થઈ ગયેલી કે જેના પર લખાણ હોય તેવી નોટ ઘણી બેન્કોની ઘણી બધી બ્રાન્ચો લેતી નથી. ખાસ કરીને ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટમાં પણ આવું જોવા મળી રહ્યું હતું. તેમાં સોશિયલ મીડિયા પર એવી અફવા ફેલાઈ કે આવી નોટો હવે સ્વીકારાશે નહીં. તેને કારણે ઘણી બૅન્ક બ્રાન્ચોમાં આવી નોટો સ્વીકારવાનું બંધ કરાયું હતું. તેથી રિઝર્વ બેન્કે આ આદેશ જાહેર કર્યો છે.

# જીવનની 'ટૉપ એન્ડ પ્રાઈમ' જરૂરિયાતોમાં વૉટ્સએપનો દબદબો




જીવનનો ઍંગલ ૩૬૦ ડિગ્રીએ બદલાઇ ગયો છે. જિંદગી હવે 'ઈ-લાઈફ' બની ગઈ છે. સંબંધો ઈલેક્ટ્રોનિકલી સેવ થતા જાય છે. લાગણીઓ ઍંડ્રોઈડ અને કોમ્પ્યુટર ઉપર 'શેર' થાય છે. પ્રેમ મોબાઈલ અને પીસીના ડિવાઈસમાં સ્ટોર થતો જાય છે. દિવસે દિવસે વ્યક્તિ જેટલો ઈલેક્ટ્રોનિકલી વધુને વધુ ખુલતો જાય છે એટલા વિશ્વના સિમાડાઓ સંકોચાતા જાય છે. જસ્ટ તમારો 'એન્ડ્રોઈડ' ચાલુ થાય અને દુનિયાના તમામ સંબંધો તમારી આંગળીના ટેરવે આવી જાય છે.

વોટ્સએપે લાઈફને ફાસ્ટમ્ ફાસ્ટ બનાવી દીધી છે...! વોટ્સએપ ઉપર કોઈએ દુઃખદ સમાચાર મૂક્યા, જસ્ટ ઈન વન સેકંડ 'રૈંપ'મતલબ રેસ્ટ ઈન પીસ કહી સબંધ સાચવી લેવાનો. આનંદના સમાચાર જોયા નથી કે વળતો આનંદનો ઉમળકાસભર 'થમ્સ અપ...'નો સિંબોલ ઝીકી હાજરી પુરાવી દેવાની. ૨૦૧૬માં 'ટ્રાઈ'એ આપેલા છેલ્લા ડેટા મુજબ ભારતમાં ૧૦૩ કરોડ જેટલા મોબાઈલ યુઝર્સ છે. આમા પ્રતિ માસ એકથી દોઢ મિલિયન યુઝર્સનો વધારો થતો જાય છે. આગામી ટૂંક સમયમાં જ ભારતમાં ઈન્ટરનેટના માધ્યમથી 'ઈ-કોમર્સ'ની જોરદાર બોલબાલા રહેવાની છે. પણ આજે વાત કરવી છે 'વોટ્સેપ' સબંધોની... એક અબજ ઉપરાંત એન્ડ્રોઈડ યુઝર્સ સાથેના ભારત દેશમાં ૧૬૦ મિલીયન લોકો 'વોટ્સએપ'ના એક્ટિવ યુઝર્સ છે. એમ કહી શકાય કે 'વોટ્સએપ વ્યસની' છે. રોજે રોજ એક વ્યક્તિ સરેરાશ ૩૦થી ૪૫ મિનિટ વોટ્સએપ ઉપર હોય છે. સોશિયલ મિડીયામાં 'વોટ્સએપ' વિચારોની અભિવ્યક્તિ માટેનું મજબુત માધ્યમ છે.



વૉટ્સએપ મોબાઈલ એપ દ્વારા વિશ્વના કોઈપણ છેડે બનતી ઘટના ગણતરીની મિનિટોમાં વિશ્વભરમાં વાયરલ થઈ જાય છે. માત્ર આઠ વર્ષ પહેલાં એટલે કે ફેબ્રુઆરી-૨૪ ૨૦૦૯માં 'યાહુ'માંથી છૂટા પડેલા બે કર્મયોગી મિત્રો બ્રાયન એકશન અને જેન કૉઉમે કરેલી આ એપ્લિકેશનની શોધ આજે દુનિયાભરના યુવાનોના દિલની ધડકન બની ગઈ છે. દુનિયા આખીના લોકોમાં 'ટોપ એન્ડ પ્રાઈમ' જરૂરિયાતોમાં વોટ્સએપ એપ્લીકેશને સ્થાન મેળવી લીધું છે. ઉપલબ્ધ આંકડાઓ અનુસાર ઓગષ્ટ-૨૦૧૪માં ૬૦૦ મિલીયન લોકો આ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા. ૨૦૧૫માં તે વધીને ૭૦૦ મિલીયન લોકો દ્વારા ૩૦ બિલીયન સંદેશા વોટ્સએપ દ્વારા વહેવડાવવામા આવ્યા હતા. પ્રતિવર્ષ ૧૦૦ મિલીયનથી વધુ લોકો 'વોટ્સએપ વર્લ્ડ' સાથે જોડાતા જાય છે.

વૉટ્સએપની આ જબ્બર સફળતા બાદ જાન્યુઆરી-૨૦૧૫માં આ એપ્લીકેશનના શોધકર્તાઓએ 'વોટ્સએપ' વેબની શાનદાર શરૂઆત કરી. વિશ્વ સમસ્તના લોકો માટે 'એન્ડ્રોઈડ' અને 'પીસી' બન્ને ઉપર 'વૉટ્સએપ' ચેટીંગના કમાડ ખુલતા સંદેશાઓની અત્યંત ઝડપી આપ-લે થવા ઉપરાંત વ્યક્તિની ઝડપી અભિવ્યક્તિના ખુલ્લા આકાશમાં વિહરવાની આકાંક્ષાને પાંખ મળી. દરેક વ્યક્તિ એક વિચારક છે અને માનવીય સબંધોના વિજ્ઞાનનો વૈજ્ઞાનિક પણ છે. તેમને મસ્ત મઝાનો ઢાળ 'વોટ્સએપે' પૂરો પાડ્યો છે. પ્રેમ, લાગણી, ક્રોધ, નફરત વગેરેને વહેવડાવવા માટે આ એપ્લિકેશન આંખનું 'રતન' અને ટેરવાનું 'જતન' બની ગઈ છે.

'વોટ્સએપ સ્ટેટસ' વ્યક્તિની પહેચાન બની ગઈ છે. ગુજરાતી હોવાના નાતે 'વૈચારિક' વિશ્વ ગુજરાતી ભાષામાં વિકસે એવી તમન્ના પણ ગુજરાતી વોટ્સએપીયા મિત્રોને હોય એ સ્વાભાવિક સમજી શકાય એવી બાબત છે. કવિઓ, લેખકો, શિક્ષકો, વેપારીઓ, પોત પોતાના રસના મિત્રોના જૂથ બનાવી 'વોટ્સએપ' ગ્રુપમાં મોજથી વિહરતા હોય છે. આ લખનાર પણ દસેક એવા મસ્ત મઝાના ગ્રુપના સભ્ય છે અને વૈચારિક આપ-લેની પ્રતિદિન મોજ માણે છે.

વૉટ્સએપ સ્ટેટસ એ આજકાલ લાઈકીંગનો સૌથી મોટો વિષય બની ગયો છે. પોતાની વિચારધારા અને સિધ્ધાંતને શબ્દોમાં ઉતારી વોટ્સએપ સ્ટેટસ બનાવવાનો ટ્રેન્ડ છે. 'વોટ્સએપ સ્ટેટસ' એટલે વ્યક્તિના મન અને શાબ્દિક પ્રતિબિંબ. દરેક વોટ્સએપ યુઝર એમ જ વિચારે કે મારૂ વોટ્સએપ સ્ટેટસ જરા હટકે અને ટ્રેન્ડી હોવુ જોઈએ... કેમ ખરૂને...! વોટ્સએપ સ્ટેટસ ઈન ગુજરાતી માટે કેટલાક મસ્ત વિચારો આપના માટે સૂચન સ્વરૂપે મૂકવાની ઈચ્છા થઈ આવી છે. એમાં તમારા રસ મુજબ ફેરફાર કરી ચીપકાવો 'વોટ્સએપ સ્ટેટસમાં'...

- ભીખમાં મળેલી ખુશી ના જોઈઓ દોસ્ત, હું તો મારા દુઃખોને પણ નવાબોની જેમ પોષુ છું
- હું પહેલા મારી 'મા'નો વહાલો છું પછી તો તમારો જ છું...
- એક ક્ષણ ગુસ્સામાં ધૈર્ય રાખ્યું તો, દુઃખના ૧૦૦ દિવસ બચી જશે વહાલા
- નાની છે જિંદગી, દિલ ખોલીને જીવો
- જે હૃદયથી વાત કરે એને દિમાગથી જવાબ ન આપશો મિત્ર...
- દુનિયા મારા માટે શું વિચારે એ પણ હું જ વિચારીશ તો દુનિયા શું વિચારશે?
- પોતાના માટે નહીં તો 'પોતાના' માટે જીવો યારો
- છોડ યાર, ન વિચાર દુનિયા શું કહેશે.... લોકો પાસે પોતાની ચિંતાઓ ઓછી છે કે તમારો વિચાર કરે દોસ્ત...!
- બદલી નાખ્યો છે જીવનનો નજરીઓ, હવેથી જે યાદ કરશે એને જ યાદ કરવામાં આવશે.
- સુતેલા હોય ત્યારે આવતા સપના ક્યાં સાચા પડે છે, સપના તો ખુલી આંખે જોયેલા સાચા પડે
- જીવન પસાર થતાં સમય નથી લાગતો પણ ક્યારેક સમય બદલાતા આખી જિંદગી નીકળી જાય
- કોઈને હરાવવા આસાન છે પણ કોઈને જીતવા બહુ મુશ્કેલ છે
- યાર, જીવનમાં પહેલું કપડું લંગોટ અને છેલ્લું કપડું કફન બન્નેને ખિસુ નથી હોતું
- જો કોઈ જરૂરત જ ન હોય તો પછી, 'હર બંદા હોગા ખુદા'
- ભટકેલાને મંઝીલ અવશ્ય મળે જ મળે પણ ઘરમાં બેઠેલા જ ગુમરાહ હોય છે
- સામે છેને એ જ સાચું વહાલા...

વોટ્સએપ પરિવાર દિન પ્રતિદિન કુદકેને ભુસકે વધતો જાય છે. વિશ્વભરમાં પ્રતિમાસ ૧.૨ બિલિયન લોકો વોટ્સએપ પરિવાર સાથે એક્ટિવલી જોડાઈ જાય છે. કાલે વોટ્સએપથી પણ ઝડપી અને ચોકસાઈવાળી કોઈક બીજી કોમ્યુનિકેશનની પરિભાષા આવશે અને દુનિયા એનો ઉપયોગ કરશે પણ આજે તો કોમ્યુનિકેશનની પરિભાષાને નવો આયામ બક્ષનાર આ વોટ્સએપને વંદન સાથે આખી દુનિયા ઉપર દિગ્વિજય માટે અભિનંદન...

**ધબકાર**

કોઈ ભુખ્યા વ્યક્તિને એક માછલી આપશો તો એક ટંક કે એક દિવસ એનું પેટ ભરાશે પણ માછલી પકડવાની જાળ આપશો તો રોજ પેટ ભરી શકવાનું હુનર શીખશે.